## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

આ ખૂનના ચરખે અને, રાતે અમારી ગોદમાં
આદમબદમ બોલી રહી,ઝીણી સિતારી આપની !

- કલાપી.

### પાથેય

- રમેશ ઠક્કર

# ઝીણી સિતારીનું સંગીત...

ખોરવાઈ જવાની ઘટના ઘણું શીખવી જાય છે.જીવનનો એક ઈનબિલ્ટ લય હોય છે..એ ખોરવાય છે..અને એટલે જ એ ફરી સંધાય પણ છે..ચડઉતર એ ફકત ચાંદા સૂરજની જ નથી હોતી..આયખાની પળોની પણ હોય છે..લેખન ત્યારે જ પ્રસવે છે જ્યારે તમે ભાવુકતાથી તરબતર થઈ જાઓ છો..

સમી સાંજનું ગાંધીનગર હંમેશાં એક નવા લયની લહેર જેવું હોય છે...અક્ષરધામથી શરૂ થતો રાજભવન રોડ 'ચ ઝીરો ' સર્કલ જતાં પુરો થાય છે..ગાંધીનગરની પરિભાષા મુજબ એ 'જ' રોડ કહેવાય છે...શિયાળાની આગમનની છડી પોકારતી ખટમીઠ્ઠી ટાઢ હવે ઉભા રસ્તાને આલિંગન દઈ રહી છે...એક સરસરી સફર એ આજનો આપણો ઉપહાર હતો...

ઈન્દ્રોડા ગામની સમાંતર ચાલતો હરિયાળો પટ્ટો ઢળતી સાંજને એક હાઈટ આપે છે.. જે ગિર ફાઉન્ડેશનના પરિસરમાં પમરાટ બની સમાઈ જાય છે..એક જમાનો એવો પણ હતો કે આ ઉભા રોડ ઉપર છેક સરિતા ઉદ્યાનના રમણીય પટ સુધી હું એકશ્વાસે ચાલતો..આજે પણ કદીક એ રસ્તે કદમ ભરતો આદમબદમ બોલતી ઝીણી સિતારીને સાંભળી લેતો હોઉં છું..

આ રીતે શિયાળુ સ્પર્શથી મદહોશ થયેલા ઉભડક મારગ ઉપર મોહી પડવું એ મારો મુળ સ્વભાવ છે..ગુજરાતના ખૂણે ખૂણે અનેક ખેતરો ખૂંદવાનો મને મોકો મળ્યો છે પણ પાટનગરની એકાદી સડક અને સરી જતી સાંજનો જે અનુભવ હોય છે એ જ કદાચ મારી અંદરની ભીનાશને ઝંકૃત કરવા માટે પર્યાપ્ત છે..આ સડકને ભેદી કેટલીયે સવારીઓ અને માણસોની વણઝાર એમ જ વહી જાય છે કશુંય લીધા વગર ! આપણે સડકને શુષ્ક કહીએ છીએ પણ શુષ્કતા તો માણસમાં જ ભરી પડી છે !

આપણે જો કે નગરના એક સામાન્ય નાગરિક જ છીએ..છલકાઈ જવાનો કદાચ સ્વભાવ છે..કવિ હોવાનો કોઈ કસબ પણ નથી અને એવો કોઈ દાવો પણ નથી..નગરને એકતરફથી આલિંગન આપતો આ રસ્તો એકાદ પળ પણ જો તમને કાવ્યાત્મક ના બનાવે તો એનાથી મોટી કોઈ વિફળતા જગતમાં બીજી ના હોઈ શકે !

આજની સાંજે ઉડી જતા યાયાવર પક્ષીઓનાં અજાયબ ટોળું એ આકાશને ગજબ ઉંચાઈ આપી હતી..મારી અનેકવિધ અડચણો વચ્ચે વહી જતા એ વૈભવને મારા મોબાઈલમાં કેદ કરી લેવા એક રોમાંચક પ્રયાસ તો કરી જ લીધો..અને એકાદી સાર્થક ક્ષણ એમાં જીવંત બનીને સચવાઈ ગઈ..

પાટનગરમાં આજકાલ કેસરી કલરનાં કમનીય ફૂલો રસ્તાઓની વચ્ચે અદ્ભુત ખીલી ઉઠયાં છે. એનાથી મંત્રમુગ્ધ એટલો હતો કે ક્યારેય એનું નામ જાણવાનું પણ ના સૂઝ્યું...આજનો એનો વૈભવ જોઈ નામ જાણી જ લીધું...એને કોડિયાં કહે છે...નવા દિવસોમાં નવો ઉજાસ આપતાં કામલપુર ગામનાં કોડિયાં અને પાટનગરને પ્રકાશમય બનાવતાં આ પુષ્પકોડિયાં એક અનુસંધાન છે જિંદગીના લથબથતા લયનું...

# પાકિસ્તાન : દિશાવિહીન લોકશાહીનો નાદર નમૂનો

### તંત્રીસ્થાનેથી...

ક્રિકેટ જગતમાં સુપરસ્ટાર સિદ્ધ થયેલા ઈમરાનખાને દેશના રાજકારણમાં પદાર્પણ કર્યું ત્યારે ઘણી મોટી અપેક્ષાઓ સેવાઈ હતી. પાકિસ્તાન પર અડિંગો જમાવી બેઠેલા જમીનદાર અને જાગીરદાર પરિવારો સામે એક પડકાર ઊભો થયો હતો. ભુટ્ટો - ઝરદારી અને શરીફ પરિવાર વારાફરતી પાકિસ્તાનની કમાન સંભાળતા હતા. દેશમાં વચ્ચે વચ્ચે લશ્કરી શાસન પણ હાવી થઈ જતું. મૂળે કોઈનો પ્રજા સાથેનો સીધો સંબંધ નહોતો - જયારે અદાલતી સમન્સ નીકળે ત્યારે સિફતપૂર્વક દેશવટો સ્વીકારી યુરોપ કે ખાડીના સમૃદ્ધ દેશોમાં જલસા કરવાના હતા. વળી પાછી ચૂંટણી આવે ત્યારે વરસાદ પડતાંની સાથે જમીનમાંથી એકાએક બહાર આવી જઈ ડ્રાઉં ડ્રાઉં કરતાં દેડકાંની જેમ પાકિસ્તાનનું કલ્યાણ કરવા પાછા આવી જાય છે. લગભગ દરેક વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ ને અદાલતે કોઈ ને કોઈ ગુના હેઠળ સજા ફરમાવેલી છે. હવે ઈમરાનનો વારો છે. લશ્કરની રહેમનજર હેઠળ સત્તા મળી હતી. અત્યારે લશ્કર પણ સાથે નથી બલકે જનરલ બાજવાની નારાજગી અવારનવાર બહાર આવતી રહી છે. અદાલતે ઈમરાનની વ્યૂહાત્મક ચાલ નિષ્ફળ બનાવી દીધી છે. વિદેશી તાકાત પાકિસ્તાનમાં અનુકૂળ વ્યક્તિને સત્તા સોંપવા માગે છે એ મતલબના આરોપ સાથે ઈમરાનખાને એમના કહ્યાગરા ડેપ્યટી સ્પીકર પાસે નેશનલ એસેમ્બલી ભંગ કરાવી દીધી અને રાષ્ટ્રપતિએ પણ ગણતરીના કલાકોમાં એ દરખાસ્ત મંજૂર કરી દઈ નેવું દિવસમાં ચૂંટણી કરાવવાનો આદેશ જારી કરી દીધો ત્યારે વિપક્ષ પાસે બહુમતી ગુમાવી બેઠેલા વડાપ્રધાન સામે અવિશ્વાસની દરખાસ્ત પસાર કરાવી નવા સુકાની પસંદ કરવાની તકો પણ ઠંડુ પાણી રેડાઈ ગયું હતું. જો કે અદાલત - સુપ્રીમ કોર્ટ પાસે વિશિષ્ટ સંજોગોમાં, રાષ્ટ્રપતિના આદેશને પણ નિરસ્ત કરવાનો અધિકાર છે, એ મુદ્દો વિપક્ષો માટે આશીર્વાદ સમો સાબિત થયો છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસે સંસદમાં બહુમતી ગુમાવી ચૂકેલા વડાપ્રધાન ઈમરાનની ભલામણથી ડેપ્યુટી સ્પીકરે લાધેલા સંસદભંગના નિર્ણયને નિરસ્ત કરી વડાપ્રધાન ઈમરાન ખાન વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત પર મતદાન કરાવવાનો આદેશ આપતાં ઈમરાનનાં બારે વહાણ ડૂબી ગયાં છે. એમને બહુમતી તો અગાઉથી ગુમાવી દીધેલી છે. ખુદ એમની જ પાર્ટીના સાંસદો એમની વિરુદ્ધ બળવો કરી રહ્યા છે. એટલે ઈમરાન માટે હવે અવિશ્વાસની દરખાસ્ત પર મતદાન થાય એ પહેલાં જ રાજીનામું આપી દેવાનો વધુ સારો વિકલ્પ રહે છે. એમણે અદના ખેલાડીની જેમ છેલ્લે સુધી મેદાન નહીં છોડવાનો નિર્ણય કર્યો લાગે છે. જાહેર રેલીઓ યોજીને તેઓ આગામી ચૂંટણીમાં યુવાનોના સહયોગથી ફરી સત્તા કબજે કરવાની મંશા રાખે છે. જોકે બેફામ બેરોજગારી અને મોંઘવારી ઉપરાંત આખી દુનિયાથી અલગ-થલગ થઈ ગયેલ પાકિસ્તાનના આ ઝુઝારુ વડાપ્રધાન એમના વિરોધીઓને ભ્રષ્ટાચારી અને લૂંટારા કહેતા હોવા છતાં શાસનકાળ દરમિયાન પાકિસ્તાનને દેવાળિયા દેશની જ ઓળખ અપાવી શક્યા છે. કાશ્મીરનો રાગ આલાપીને તથા એ મુદ્દે ચીનનું સમર્થન મેળવીને તેઓ અમેરિકા જેવી મહાસત્તાની નજરમાંથી ઊતરી ગયા હતા. તાલિબાનને પણ એમને ખુલ્લું સમર્થન હતું એ યુક્રન સામે યુદ્ધ જાહેર કરનાર રશિયન સત્તાધીશોને વહાલા થવા મોસ્કો દોડી ગયા હતા. એમણે પોતાની સરકાર સામે અમેરિકાએ ષડયંત્ર રચ્યું હોવાની બુમરાણ પાકિસ્તાનની યુવા શક્તિને કેટલી અપીલ કરશે તે પ્રશ્ન જ રહે છે. એમની સરકારનું પતન નિશ્ચિત છે અને વિપક્ષના વડાપ્રધાનપદ માટેના દાવેદાર શાહબાઝ શરીફ વડાપ્રધાન પદે ચૂંટાઈ આવશે તો એ અગાઉથી ચાલી આવેલી રસમ મુજબ ઈમરાન સામે ભ્રષ્ટાચારના કેસ ચલાવી એમને સજા કરાવવા પ્રયત્ન કરશે તે પણ નક્કી છે. પાડોશી દેશમાં કહેવાતી લોકશાહી આઝાદીનાં પંચોત્તેર વર્ષ પછી પણ આવી અપાહિજ હાલતમાં છે. લશ્કર ટાંપીને બેઠું હોય છે. જયારે એને એમ લાગશે કે રાજકીય પક્ષો અંદરોઅંદરના ઝગડામાં દેશને સ્થિર શાસન નહીં પૂરું પાડી શકવાના ત્યારે ધીમે રહીને તે રાજકીય ધુરંધરોને અંદર કરી દેશે અને ફરી એકવાર 'જનરલ' પાકિસ્તાનની કમાન સંભાળી લેશે. આપણે ઈચ્છીએ કે પાકિસ્તાનમાં પ્રજા લશ્કરનું શાસન ન આવવા દે. નવેસરથી ચૂંટણી થાય એમાં પણ પ્રજાના સાચા પ્રતિનિધિઓ અને નહીં કે વારંવાર સત્તાની સાપસીડીની રમત રમી દેશેન સાવ જ હાજપિંજર બનાવી દેનારા ચીની શાહુકારો ચૂંટાઈ આવે. એમરિકાથી પાકિસ્તાનની કઠપૂતળી સરકાર ચલાવતું વોશિંગ્ટન કે પાકિસ્તાનના નવા આકાસમું ચીન એવું થવા દેશે ?

# કોઈ કૃત્તિથી પ્રસિદ્ધિ મળે પણ સિદ્ધિ ન મળે!




કોઈ કૃતિ કે વ્યક્તિ ચર્ચાની એરણ પર આવે કે વાદ-વિવાદના વંટોળમાં સપડાય ત્યારે સમજવું કે તેમાં ક્યાંક તથ્ય છુપાયેલું હોવું જોઈએ.પણ જે તથ્ય કે સત્ય ભાવકે શોધી,સમજી તેનો પ્રતિભાવ આપવો જોઈએ.મીડિયા પર કોઈ પોસ્ટ મૂકોને વળતી ક્ષણે પાંચ-પંદર લાઈક મળી જાય...એવું તો ન જ થવું જોઈએ. ખરેખર તો સાહિત્ય સર્જનમાં સાંપ્રત સમયનું પ્રતિબિંબ ઝીલાવું કે હોવું જોઈએ.આજુબાજુ ઘટતી ઘટના ઓનો પડઘો પડવો જોઈએ.સાહિત્ય એ સમાજનો અરીસો છે.જરૂર જણાયે તંત્ર કે સમાજને અરીસો ધરવાનું કામ પણ સમાજધર્મી સાહિત્યકારે કરવાનું હોય છે. સાહિત્યકાર ભલે પત્રકાર નથી પણ પત્રકારત્વ એ ઝડપથી, તત્કાળ સર્જાતું સાહિત્ય છે અને સાહિત્ય એ ધીમેથી, ચોક્કસ ઢાંચામાં સર્જાતું પત્રકારત્વ છે!

ગુજરાતમાં ભૂકંપ, દુષ્કાળ, વાવાઝોડું, અતિવૃષ્ટિ...ને આ કોરોનાની વિશ્વવ્યાપી મહામારી જેવી ઘટ નાઓ ઘટે છે જે ગુજરાતી સાહિત્યમાં, પ્રમાણમાં બહુ ઓછી ઝીલાઈ છે અને જયારે ઝીલાઈ છે ત્યારે ચારેકોર ઉહાપોહ મચી જાય છે... કારણ કે આપણે ટેવાયેલા નથી અને કૃત્તિમાં કોરી કલ્પના સિવાયનું નર્યું સત્ય પચાવવું અઘરું પડે છે.છતાંય એટલું ચોક્કસ કહી શકાય, તેને વાચક,ભાવક તરીકે સારી કે નબળી અસરતો થઈ, નોંધ તો લેવી પડી !? બીજું કે, લખવું એ કલા સાથે એકજાતનું કૌશલ્ય પણ છે... અને એટલું જ સાચું છે, અનુભૂતિ વગરની અભિવ્યક્તિ નકામી કે લૂલી, પાંગળી હોય છે.પ્રાણ પ્રશ્ન એ રહ્યો છે કે, એસી કે આલિશાન બંગલામાં બેસી લખતા કવિ-લેખકને વળી આવા જાત અનુભવના ઉછી-ઉધારા ક્યાં અને કોની પાસે કરવા જવાનું !? પણ સત્ય એ છે કે સાહિત્યમાં માત્ર કલ્પનાના ઘોડે ચઢવાથી પંથ કપાય પણ મુકામ મળે નહીં.

અંગ્રેજ સરકાર સામેના આઝાદીના જંગ વેળાએ, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ, ધંધુકા (જિ. અમદાવાદ)ની ભરી કોર્ટમાં મેજીસ્ટ્રેટ ઈસાણીની અનુમતિથી, 'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ...'ગીત ગાયું હતું.ત્યારે વિશાળ મેદની સમેત સહુની આંખો ભીની થઈ હતી. સ્વાતંત્ર્ય સંગ્રામમાં આ ઐતિહાસિક પ્રસંગની ભારે અસર થઈ હતી.ખુદ ગાંધીજીએ વાઈસરોયને ખાસ પત્ર લખી ધ્યાન દોર્યું હતુંઃ ગુનો કર્યાનું કહેવાય છે તે સમયે કવિ રાણપુરમાં પોતાના ઘરમાં ઘસઘસાટ ઊંઘતાં હતા. ગુનાના સ્થળ પર જ નહોતા.

કવિની કવિતાએ માત્ર શબ્દોની ગોઠવણી ન હોય. કવિનો શબ્દ અંગારો હોય,ઋજુ હૃદયની આર પાર ઊતરતી કટારી હોય. કવિતાની અસર થવી જોઈએ અને ન થાય તો સમજવું તેમાં કશીક કસર છે! આવી કસરવાળી ને બિનઅસરકારક કૃત્તિઓનો આજે સોશ્યલ મીડિયા પર મબલખ ફાલ ઉતરી રહ્યો છે!

આ સમયે અદના આદમીની વસમી વેદનાને વાચા આપતી કવિ પ્રિયકાંત મણીયારની 'એ લોકો' કવિતા યાદ આવે છે - જે આજે પણ એટલી જ પ્રસ્તુત લાગે છે :

એ લોકો પહેલા કાપડના તાકા ભરી રાખે છે.
પછી જયારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે વાર વાર વેચે છે.
એ લોકો પહેલા ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે.
પછી જયારે માણસ સડી જાય ત્યારે કિલો કિલો વેચે છે.
એ લોકો પહેલા ઔષધની શીશીઓ સંઘરી રાખે છે.
અને માણસ જયારે ફૂટી જાય છે ત્યારે થોડી થોડી રેડે છે.
એતો લોકો છે જ નહીં એતો નોટો ને ખાઈ ઉછરતી ઉધઈ,
બીજું એને કાંઈ ભાવતું નથી.
મારે કવિ થવું જ નથી.
ભારે અસર કરનારી જંતુ નાશક દવા થાઉં તોય બસ !

●●●

કોઈ કહે સાહિત્ય સર્જન એ નિજાનંદ માટે છે...આવું જ હોયતો,સાહિત્ય ક્યાંય પ્રગટ કરવું ન જોઈએ. કૃત્તિ કોઈ માધ્યમ દ્વારા પ્રગટ થાય એટલે પબ્લિક પ્રોપર્ટી બની જાય છે. કૃત્તિમાંથી નવું નીપજવું, વાચકને કાંઈક મળવું જોઈએ,સામાજિક વેદનાને વાચા મળવી જોઈએ.બાકીતો પ્રસિદ્ધિ મેળવવી સહેલી હોય પણ સિદ્ધિ મેળવવી એટલી અઘરી છે.વાચક એ રાજા છે..પણ ભાવ-પ્રતિભાવ આપતા પહેલા ચોક્કસ વિચારે !

**છેલ્લે :**

જીવનમાં સંજોગો નડે ત્યારે પોતાની અંદરથી કંઈક જડે...ને એ જ જીવનને બરાબર ઘડે !

### દિન મહિમા

- ૧૯૯૫ - મોરારજી દેસાઈની પુણ્યતિથિ. સ્વાતંત્ર્ય સેનાની અને ભૂતપૂર્વ વડાપ્રધાન.

આજનું

### ઔષધ

- અજમો ગરમ પાણી સાથે લેવાથી શ્વાસમાં રાહત થાય છે

### ખડખડાટ

- યમરાજ ડોશીમાં ને લેવા પહોંચ્યા. ડોશીમા : બસ ૨ મિનિટ. યમરાજ : ૨ મિનિટમાં શું કરી લેશો. ડોશીમા : સ્ટેટ્સ મૂકી દવ. ટ્રાવેલિંગ ટુ યમલોક.

આજનો

### વોટ્સએપ

- વિખેરાઈ જવાના બહાના તો ઘણા મળશે આવો આપણે જોડાઈ જવાની તકો શોધીએ.

# સરગાસણ એટલે સ્વર્ગાસન...




ઈન્દ્રરાજા સાવ સંસારી લાગતા હતા. એમના અસ્તવ્યસ્ત વાળ અને ગૌરવર્ણા દેહ ઉપર નવું શર્ટ શોભી રહ્યું હતું. એ કોઈ નવા નીમાયેલા ડેપ્યુટી કલેક્ટર જેવા લાગતા હતા જેણે ત્રીજા ટ્રાયલે જીપીએસસી ક્લીયર કર્યા પછી વિશ્વવિજેતાના ભાવથી છલકાતો હોય. આગળ ચાલતા નાયબમામલતદાર જેવા એક સ્વર્ગસેવકની ચાલ મઝાની હતી. જો કે એના ચહેરા પર જે આત્મવિશ્વાસ હતો તે માસ્ક વગર મોટરસાયકલ ચલાવવા બદલ પકડાઈ ગયેલ કોઈ દુધવાળા જેવો હતો.

ઈન્દ્રરાજા એમના જોરદાર જોલી મુડમાં નહોતા એટલે સ્વર્ગાધિપ કરતાં કોઈ મહિલા સરપંચના પતિ જેવા વધારે લાગતા હતા. તેમને આજે ઈન્દ્રસભામાં જવાનું હતું. દરવાજા ઑટોમેટિક એવી રીતે ખુલતા હતા જાણે કોઈનો દોરીસંચાર થતો હોય અને કઠપુતળી આગળ વધતી હોય.જો કે એકવાત નોંધવી જોઈએ કે ઈન્દ્ર સભાનતાપૂર્વક કૃત્રિમતા નિભાવી શકતા હતા. પોતાના આસન પર બેસીને પ્રોટોકોલ પ્રમાણેનું 'ઑફિશીયલ' સ્મિત વેર્યું. અનેક સભાસદોએ પણ એટલી જ કૃત્રિમતાથી પ્રણામ, નમસ્કાર અને સલામો આપી. થોડા સાદા લાગતા સ્વર્ગસચિવે સભાની શરુઆત કરવાની અનુમતિ માંગી. આ સ્વર્ગસચિવ આછા વાદળી રંગના શર્ટમાં સજ્જ હતા, પોતે ખુબ 'સ્માર્ટ' છે એવું દેખાડવા માટે પ્રયત્નપૂર્વક સજ્જન દેખાતા હતા. જો કે અમારા જેવા અનુભવી અને બધું આરપાર જોઈ શકતા એક સંજય નામના સ્વર્ગસભાના અગ્રણી સભ્યે જણાવેલું કે 'આ સ્વર્ગસચિવ કોઈ છટકામાં પકડાયેલ અધિકારી જ્યારે નિર્દોષ સાબિત થઈને બહાર આવે ત્યારે જે ખંડિત પવિત્રતા સાથે પેશ આવે એવી પવિત્રતા સાથે એ બધા સાથે વર્તન કરતા હતા. તમને એમના વર્તન પરથી જ લાગે કે સ્વર્ગમાં આ ભાઈએ કોઈ ગરબડથી 'એડમિશન' લીધું લાગે છે.

ઈન્દ્રરાજા હવે પોતાના ઈન્દ્રાસન પર કોઈપણ પ્રકારનો ઈમરાનભાવ લાવ્યા સિવાય બેઠા. ઉપરના ઝુમ્મર પરથી ફેંકાતી ઉછીના પ્રકાશથી એમની તેજસ્વિતા કોઈ દરબારીને શોભે એવી તકલાદી લાગતી હતી. એમણે અનુમતિસુચક સ્મિત મોકલ્યું જેને સ્વર્ગસચિવે મહાકૃપા ગણી કોઈપણ પ્રકારના 'ભિક્ષુકભાવ' સિવાય સ્વીકાર્યું..

ઈન્દ્રે પુછ્યું, 'બોલો, સચિવજી, શું સમાચાર છે, કેવી ગરમી પડે છે, આપણા પૃથ્વીલોકમાં... ?'

સ્વર્ગસચિવે એમની જુની ટેબ્લેટમાંથી નજર ઉઠાવી કહ્યું, 'મહારાજ ! સૌ ક્ષેમકુશળ છે. અફાટ ગરમી હોવા છતાં લોકો હેલ્મેટ પહેરીને નીકળે છે, કારણ હવે 'વર્ક-ફ્રોમ-ઑફિસ'ના નવા વાતાવરણમાં ગોઠવવાનું હોય છે.'

ઈન્દ્રે કાચી નજર નાંખી, 'કેમ આમ કહો છો? વર્ક-ફ્રોમ-ઑફિસ 'એ કોઈ નવી વાત છે શું ? અનુભવી લોકો તો આનાથી ટેવાયેલા જ છે... શું કહેવું છે, દ્વારશુધ્ધિપ્રસાદ ? ..'

ટીવીના કેમેરા જુના પણ લગ્ન માટે સીવડાવ્યા હોય એવા સુટ પહેરેલા દ્વારશુધ્ધિપ્રસાદ ચ જેને સ્વર્ગમાં બધા લાડમાં ડીપી કહેતા પર ફોકસ નાંખવા લાગ્યા. ડીપી ચમકીલા કપાળ સાથે ઉભા થયા, એમના કપાળ ઉપરથી સ્પષ્ટ જોઈ શકાતું હતું કે આ માણસ ખુબ જ તેજસ્વી અને તેજસ્વી હોવાને કારણે ખુબ જ ઉપેક્ષિત હતા. એમણે કહ્યું, 'મહારાજ.. ગુજરાતના પાટનગરથી એક ખુબ જ રસપ્રદ કિસ્સો ધ્યાનમાં આવ્યો છે... '

ઈન્દ્રે જિજ્ઞાસા બતાવી, 'કહો, અમે હમણાં જ ગાંધીજી ઉપરના કેશ-કોર્સમાં રામચંદ્રગુહાના ગાંધીજી ઉપરના ત્રણ મહાગ્રંથોનો અભ્યાસ કરી રહ્યા છીએ. અમને ગમશે કે સત્યના આ મહાત્માના નામે વસેલા નગરમાં એવું તો શું બન્યું છે કે તમને આવી સભામાં કહેવાની ઈચ્છા થઈ આવી છે.

દ્વારશુધ્ધિપ્રસાદ એમના ચશ્મા સરખા કરીને ફરી ટેબ્લેટ પર નજર નાંખીને કહાની કહેવા લાગ્યા...

'સર ! ત્યાં પ્રચલિત એક લોભિયાની કથા તો આપ જાણતા જ હશો..'

ઈન્દ્રે એકદમ થાકેલુંસ્મિત આપીને કહ્યું, 'મહાશય, અમે રાજા છીએ, તમારી માફક અમારે યાદશક્તિ તીવ્ર રાખવાની જરૂરી નથી હોતી તેથી એ વાર્તા ટુંકમાં કહો અને ધન્યતા પામો..'

દ્વારશુધ્ધિપ્રસાદ પ્રસન્નતાથી ધન્યતા શબ્દને મમળાવતા હતા અને બોલ્યા, 'મહારાજ.. એક લોભિયાને નારિયેળ પાણી પીવાની ઈચ્છા થઈ... એટલે એણે ગાંધીનગરના કોઈ જુના ઝ-માર્ગના ચારરસ્તે ઉભા રહેલા એક લીલા નારિયેળ વેચતા એક લારીવાળાને ભાવ પુછ્યા. એણે નારિયેળ ૧૦૦ રુપિયાના છ નંગ એમ કહ્યું ત્યારે મીઠું નાંખ્યા વિનાના લીંબુ-પાણી પીવાથી થાય એવું મોં કરીને એણે આગળ વધવાનું નક્કી કર્યું.. એને યાદ આવ્યું કે જો પશ્ચિમ તરફ આગળ વધીશું તો નારિયેળ ખુબ જ સસ્તા થશે.. કારણ કે દરિયા તરફ આગળ વધીશું તો નારિયેળ સસ્તા મળશે. જો કે એના મને 'એક સાદર રજુ' કરીને નિવેદન કર્યું કે ગરબામાં તો 'નદી કિનારે નારિયેળી રે ભાઈ નારિયેળી રે..' એવું ગવાય છે તો સાબરમતી નદી તરફ જવાથી પણ સસ્તા નારિયેળ મળી શકે. પણ એને પોતાના મન ઉપર કાબુ વધાર્યો અને પશ્ચિમ દિશામાં ગતિ ચાલું રાખી, કારણ આ રીતે નદી તરફ જશે તો કોઈને એવી શંકા આવશે કે આ ભાઈ આપઘાત કરવા તો નહીં જતા હોય.. !!! "

ઈન્દ્રે મહિલાટ્રાફિકપોલિસ જેવી નમ્રતાથી કહ્યું, 'હવે, વાર્તાને આગળ ચલાવો... ' દ્વારશુધ્ધિપ્રસાદ બોલ્યા, 'મહારાજ ! એ તો ચાલ્યા, અને એસજી હાઈવે નામના એક ખુબ જ મોટા રોડને ઓળંગી ગાંધીનગર છોડીને વિપરીત દિશામાં ચાલવા લાગ્યા.. મહારાજ.. લોકો એસજી હાઈવે ક્રોસ કરીને ગાંધીનગર જવા આતુર હોય પણ આ મહાશય સસ્તા નારિયેળ મેળવવાના લોભે એ પશ્ચિમ તરફ ચાલ્યા... ચાલ્યા.. ' પણ મહારાજ.... અફસોસ સાથે જણાવવાનું કે નારિયેળ ભાવ વધવા લાગ્યા અને સો રુપિયા ચઅંકે રુપિયા સો પુરાના ત્રણ નારિયેળ મળવા લાગ્યા...

ઈન્દ્રે સહાનુભૂતિપૂર્વક પુછ્યું, 'આ ભાઈ ક્યાં પહોંચ્યા છે એ ભૌગોલિક રીતે પણ જણાવો... ' ડીપીશ્રી બોલ્યા, મહારાજશ્રી, ટુંકમાં કહું તો જ્યાં નારિયેળના ભાવ દરિયાથી અંતર નહીં પણ જમીનોના ભાવથી નક્કી થાય છે તે સરગાસણ નગરી છે... '

ચર્ચામાં ભાગ લેતાં ચિત્રગુપ્તે કહ્યું, 'સર.. આ સરગાસણ એ માનો તો સ્વર્ગાસન જેવું છે પણ એની કથા આપને ફરી ક્યારેક કહીશું..

ઈન્દ્રરાજાએ આ અણધારી મુદત પાડનાર તરફ મહારુટિન અવાજમાં કહ્યું, 'હમજ્યા મારા ભૈ !!'

# પરેશાનીમાં ''પાડોશીઓ'' !




આમ તો એવું કહેવાય છે કે ' પહેલો સગો પડોશી' પણ હવે આપણા આ પાડોશીઓ ખુદ જ પરેશાનીમાં આવી ગયા છે. યુટ્યુબ પર લાઈવ પાકિસ્તાની ટીવી ચેનલ શરૂ કરો એટલે ' જમહુરિયત ખતરે મે હૈ'.. ' ખાનસાબ ને બડે ગબન કિયે હૈ '...' કૌમ કે સાથ ગદ્દારી કી હૈ' થી લઈને 'વિદેશી તાકતો કે સાથ ઓપોઝિશન મીલ ગયે હૈ' જેવા અનેકો આરોપો અને ઉગ્ર ચર્ચાઓ જોવા-સાંભળવા મળે. જમહુરિયત બોલે તો લોકશાહી અને પાકિસ્તાનને આમ પણ સો ગજ નું છેટું છે. 'પાકિસ્તાનમાં લોકશાહી ?' આ વાંચતાં જ હસવું આવી જાય. એમાં પણ હમણાં જે થઈ રહ્યું છે એ જોઈને તો ઝીણા પણ કબરમાં ખોબો ભરીને રડતાં હશે. અસલમાં બધા જાણે છે કે પાકિસ્તાનમાં પરદા પાછળથી સેના જ સરકાર ચલાવે છે. ઈમરાન જીત્યો ત્યારે પણ એની જીત પાછળ સેનાની જ ભૂમિકા હતી. હવે થયું એવું કે સેનાના ઉપકાર નીચે દબાયેલા ઈમરાને સેનાં કહે એમ કરવાને બદલે પોતાની લીટી મોટી કરવાની શરૂ કરી. સેના પ્રમુખ બાજવાને સાઈડલાઈન કરવાનું શરૂ કર્યું એટલે સેનાએ વિરોધપક્ષોને પ્રોત્સાહન આપ્યું ને સેના હવે ઈમરાનની વિરુધ્ધ છે એવું જાણી ચૂકેલા વિરોધપક્ષો કે જેમાં નવાઝ શરીફનો ભાઈ શાહબાઝ શરીફ, નવાઝની બેટી મરિયમ, બેનઝીરપુત્ર બિલાવલ, મૌલાના ફજલુર રહેમાન જેવા દસેક પાર્ટીના નેતાઓ સામેલ છે એ લોકોએ મોકો જોઈને સંસદમાં અવિશ્વાસ પ્રસ્તાવ લાવી દીધો. મજાની વાત એ છે કે ભ્રષ્ટાચાર, બેરોજગારી અને આપખુદીના આરોપોનો સામનો કરી રહેલા ઈમરાનની પાર્ટીના જ ધારાસભ્યો અને એને ટેકો આપતી પાર્ટી સામે પક્ષે ભળી ગઈ.

સંસદમાં પોતાના ઓછા સભ્યોને લીધે હાર ભાળી ગયેલા ઈમરાને ડેપ્યુટી સ્પીકરના ખભે બંદૂક રાખીને એમ કહીને અવિશ્વાસ પર મતદાન અટકાવ્યું કે વિદેશી તાકતો સરકાર પાડવા માંગે છે અને વિપક્ષો એમાં ભળી ગયા છે. બહુમતી ગુમાવી ચૂકેલા ઈમરાને રાષ્ટ્રપતિને મળીને સંસદ ભંગ કરવાની સલાહ આપી અને રાષ્ટ્રપતિએ જરાયે વાર લગાડ્યા વગર સંસદ ભંગ પણ કરી દીધી. વિપક્ષો સુપ્રિમકોર્ટમાં ગયા અને ગુરુવારે મોડી સાંજે કોર્ટે ચુકાદો આપ્યો કે ડેપ્યુટી સ્પીકરનો ચુકાદો ખોટો છે, વડાપ્રધાન રાષ્ટ્રપતિને સંસદ ભંગ કરવાની સલાહ ના આપી શકે અને મોસ્ટ ઈમ્પોર્ટેંટ કે સંસદ બહાલ કરવામાં આવે. મતલબ કે સંસદમાં અવિશ્વાસ પર શનિવારે મતદાન થશે અને તમે આ વાંચતાં હશો ત્યાં સુધીમાં તો ઈમરાનનું ભાવિ ઘડાઈ ચૂક્યું હશે. જો પાકિસ્તાનમાં ફરી ચૂંટણી થાય તો એનો અર્થ એ છે કે આપણું આ પાડોશી ફરી અંધાધૂંધીમાં અટવાઈ જવાનું. કેમકે જો વિપક્ષો ઈમરાનની જગ્યાએ કદાચ આવી જશે તો એમાં પણ એ જ લોકો છે કે જેમના હાથ અને પગ બન્ને ભ્રષ્ટાચાર અને આતંકવાદમાં ખરડાયેલા છે. ઈમરાનનું જવું નક્કી છે પણ પાકિસ્તાનના ઈતિહાસ મુજબ ઈમરાનની જેલભેગા થવાની શક્યતા પણ વધારે જ છે. પાકિસ્તાન બન્યાથી એકપણ એવી સરકાર નથી આવી કે જે સ્ટેબલ હોય અને ખાસ તો જેણે જનતાનું ભલું કર્યું હોય. ઈમરાને પણ ચૂંટણીમાં આપેલ લગભગ ૫૫ વાયદાઓમાંથી બે જ પૂરા કર્યા છે અને બાકીના મોટાભાગના હવામાં લટકે છે. જો ચૂંટણી થાય તો ઈમરાન વિદેશમાં વસતા પાકિસ્તાનીઓના વોટ પર મુસ્તાક છે એ ઉપરાંત દેશમાં પણ ઈમરાનને ચાહનારો વર્ગ મોટો છે પણ ૧૫૦ રૂપિયે લિટર પેટ્રોલ અને ૧૯૦ પાકિસ્તાની રૂપિયાનો એક ડોલર જેવી કારમી મોંઘવારી જીલતી આમ પાકિસ્તાની પ્રજા ખાનસાહેબની વિરુધ્ધ છે. ચીન અને હવે રશિયાના પડખે ભરાવા મથતા પાકિસ્તાન પર હવે અમેરિકાને પણ ભરોસો નથી અને ઈમરાન પણ તેની સરકાર પાડવાના કાવતરામાં આડકતરી રીતે અમેરિકા સામેલ છે એમ કહી ચૂક્યો છે. સાથી પક્ષોની નારાજગી, સેનાની ઉપેક્ષા, અમેરિકા પર નામ લીધા વગર કરેલો પ્રહાર, રશિયાની મુલાકાત, પંજાબમાં એના પક્ષના લોકો દ્વારા કરાયેલો ભ્રષ્ટાચાર, નબળી વિદેશનીતિ અને ખાસ તો મોંઘવારી ઓછી કરવા માટે કોઈ નક્કર કામને બદલે ખાલી વાતોના વડા ઈમરાન સરકારની પડતી માટે જવાબદાર છે. જો કે પ્રજા માટે તો આગે કુઆ પીછે ખાઈ જેવી જ સ્થિતિ છે. સંભવિત વડાપ્રધાન શાહબાઝ શરીફ પર કરપ્શનના આરોપો લાગી ચૂક્યા છે તો મરિયમ આ મામલે જેલમાં પણ જઈ ચૂકેલ છે તો મિસ્ટર ટેન પરસન્ટ તરીકે જાણીતા આસિફ અલી જરદારી પણ જેલવાસ કરી ચૂક્યા છે અને મૌલાના ફજલુર તાલિબાની સમર્થક છે એવામાં આવનારા દિવસો અને આવનારી સરકાર પણ પાકિસ્તાની પ્રજાનું કઈ ભલું કરે એવું લાગતું નથી. અસ્થિર પાકિસ્તાન ભારત માટે વધુ માથાનો દુખાવો બની શકે છે એ હકીકત છે જો કે કેન્દ્રમાં મોદીસરકારે પાકિસ્તાન પ્રતિ અપનાવેલ કડક વલણને લીધે સેના પણ ચૂપ છે પણ પડોશીની આ પરેશાનીની અસર આપણા પર પણ પડે તો ખરી.

આપણું વધુ એક પાડોશી અને આપણી અને પાકિસ્તાનની સાથે સાથે જ આઝાદ થયેલ શ્રીલંકા ભયંકર આર્થિક કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે. માત્ર ૨.૫ કરોડની વસ્તી ધરાવતા અને એક સમયે સોનાની લંકા ગણાતા શ્રીલંકામાં અત્યારે વીજકાપ, ખાવા-પીવાની વસ્તુઓ, ઈંધણ અને દવાઓની અછત સર્જાઈ ચૂકી છે. લોકોનો સરકાર સામે ભયંકર ગુસ્સો છે, મોરચાઓ નીકળી રહ્યા છે. માર્ચ ૨૦ થી કોવિડને લીધે લંકાની જીવાદોરી સમાન ચા, કપડાં અને પર્યટન પ્રભાવિત થયું. નાના ટાપુને લીધે લંકા મોટાભાગની ચીજો આયાત કરે છે એવામાં વિદેશી હૂંડિયામણની અછત થઈ જેને પગલે મોંઘવારી વધી. મોંઘવારીનો આંક ૧૮% એ પહોંચી ગયો છે. લંકા સરકારે કોવિડથી બેઠા થવા મથતા લોકો પર અને ચૂંટણી જીતવા માટે હાલના રાષ્ટ્રપતિએ ટેક્ષ ૧૫ માંથી ૮% કરી નાખ્યો એને એમ કે ટેક્સ ઘટશે તો ચીજવસ્તુઓ પણ સસ્તી થશે. ચૂંટણી તો જીતી ગયા પણ ટેક્સ ઘટાડાને લીધે ૬0000 કરોડ જેવી મહેસૂલી આવક ઘટી આ ઘટ સરભર કરવા ચીન જેવા પાસેથી ઊંચા વ્યાજે ને કડક શરતોએ લોન લેવાનું ચાલુ કર્યું. ખેતીમાં ફર્ટિલાઈઝરની મનાઈ અને જૈવિક ખેતીના આગ્રહને લીધે ખેતીની આવક પણ ઘટી. પડ્યા પર પાટુની જેમ લંકા પર ચીનનું દેવું વધતું ગયું. લોન ભરવા માટે બીજી લોન એવી સ્થિતિ થવા માંડી. જો કે ભારત અને જાપાને પણ લોનો આપેલી છે. ચીન સહિત બધા દેશો મદદ કરી રહ્યા છે પણ આર્થિક સંકટને લીધે લંકા ડિફૉલ્ટર થવાની કગાર પર છે અને એવામાં ચીન એને લોનોના બદલામાં ઓહિયા કરી જાય એવી શક્યતા વધુ છે અને એટલે જ ભારત શ્રીલંકાને માનવીય દ્રષ્ટિએ અને ચીનની સંભવિત ચલ અટકાવવા શક્ય એટલી વધુ મદદ કરી રહ્યું છે એવામાં આપણાં આ બીજા પાડોશીની પરેશાની આપણાં માટે પણ મુસીબત બની ના જાય એ જોવું પડશે. આ બધી બબાલો વચ્ચે બીજા પણ એક સમાચાર આવ્યા કે આપણા વધુ એક પાડોશી દેશ નેપાળમાં પણ વિદેશી હૂંડિયામણનું સંકટ સર્જાયું છે. નેપાળમાં વિદેશી નાણાં ભંડાર ખાલી થઈ રહ્યો છે જેથી નેપાળની કેન્દ્રીય બેંકે દેશની તમામ બેંકોને વાહનો અને બીજી બિનજરૂરી ચીજવસ્તુઓ માટે લેટર ઓફ ક્રેડિટ જારી નહીં કરવાની સલાહ આપી છે. નેપાળે મોજશોખની ચીજવસ્તુઓના બદલે દવાઓ જેવી મહત્ત્વની વસ્તુઓની આયાત માટે વિદેશી હૂંડિયામણ બચાવી રાખવું પડશે નહિતર ઘટતા જતા વિદેશી મુદ્રા ભંડારના કારણે નેપાળના પણ શ્રીલંકા જેવા હાલ થશે એ નક્કી છે. ભારત માટે પાડોશીઓ પર આવેલી આ પરેશાનીની ગંભીરતા એ છે કે ત્રણેય પાડોશીઓ પર દુશ્મન ચીનનો ડોળો છે. ઈન્ફેક્ટ પાકિસ્તાન અને શ્રીલંકા તો ચીનના પૈસે જ જલસા કરી રહ્યું છે એવામાં આપણા આડોશ પાડોશમાં ચીન પગપેસારો કરી ના જાય એના માટે ભારત સરકાર પૂરી ચિંતિત છે.

- akurjt@gmail.com